R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2021-23valid up to 31-12-2023. Licensed to post without pre-payment WPP No. PMG/NG/062/2023 valid upto 31-12-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૫ ● તા. ૧૭ મે, ૨૦૨૩ ● અંક નં. ૧૫

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : ધીરજ પારેખ

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી ● સંપાદક : ઉર્વિ રાવલ

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ + ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર. ૦૧/૨૦૨૩-૨૪ થી જા.ક્ર.૧૦/૨૦૨૩-૨૦૨૪તારીખ-૧૫/૦૫/૨૦૨૩ (બપોરનાં ૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૦૫/૨૦૨૩ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક) સુધી Online અરજીઓ મંગાવવામાં આવે છે.સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉમર, પગાર ધોરણ, ઉમરમાં છૂટછાટ, અરજી ફી ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર Online અરજી કરવાની રહેશે. ઉમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક/ મુખ્ય કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | | | |
| ૧ | અધિક્ષક, અભિલેખાગાર નિયામકની કચેરી, વર્ગ-૨ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | POST GRADUATE | ૦૫ વર્ષ |
| ૨ | નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦/૦૮/૨૩ | નવે.-૨૩ | જાન્યુ.-૨૪ | PH.D./POST GRAD. | ૩/૫વર્ષ |
| ૩ | બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | POST GRADUATE | ૦૩ વર્ષ |
| ૪ | ટેકનીકલ ઓફિસર, ગુજરાત બોઈલર સેવા, વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | DIP.BE/B.TEC MECH. | ૫/૨વર્ષ |
| ૫ | ઈ.એન.ટી સર્જન (તજજ્ઞ), વર્ગ-૧ | ૧૫ | ૦૨ | ૦૨ | ૦૭ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૩/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | DNB/PG/PG-DIP | ૦૨ વર્ષ |
| ૬ | નાયબ નિયામક (હોમીયોપેથી), વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦/૦૮/૨૩ | નવે.-૨૩ | જાન્યુ.-૨૪ | POST GRADUATE | ૦૭ વર્ષ |
| ૭ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧, ન.જ.પા અને ક. વિભાગ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૩/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | POST GRADUATE | ૦૫ વર્ષ |
| ૮ | ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસર, વર્ગ-૨ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬/૦૮/૨૩ | ઓક્ટો.-૨૩ | ડિસે.-૨૩ | PGD/POST GRAD. | ૦૨ વર્ષ |
| ૯ | કાયદા અધિક્ષક (જુનિયર ડ્યુટી), વર્ગ-૨ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૨૭/૦૮/૨૩ | નવે.-૨૩ | જાન્યુ.-૨૪ | LLB (SP, 3YRS, INT.) | ૦૩ વર્ષ |
| ૧૦ | નાયબ નિયામક,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ-૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૨૦/૦૮/૨૩ | નવે.-૨૩ | જાન્યુ.-૨૪ | BEBTECMEC-ELE-CHE | ૦૮ વર્ષ |

**નોંધ-અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. ચોક્કસ પ્રકારની શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે જાહેરાતની જોગવાઈ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી(પરીક્ષા)નિયમો ધ્યાને લેવાનાં રહેશે.**

- ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી "Editable"છે.દરેક સંવર્ગની જાહેરાત સંબંધે એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત-માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો "Edit"વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી. નવી અરજી ન કરવી. અરજી કરતી વખતેજઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. અરજી કર્યા બાદ પણ ઉમેદવારે પોતાની સહી, ફોટો અને અન્ય વિગતો ચકાસી તેની ખરાઈ કરવી, જો ભૂલ હોય તો જાહેરાતની છેલ્લી તારીખ સુધીમાં સુધારો કરી લેવા જણાવવામાં આવે છે.જો ઉમેદવાર સિવાયનો ફોટો કે સહી હશે તો અન્ય કોઈ પૂરાવા માન્ય ગણાશે નહીં અને ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.
- આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.
- ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટી OMR -CBRT(Computer Based Recruitment Test)માધ્યમથી લેવામાં આવશે.
- શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.inઅને https://gpsc-ojas.gujarat.gov.inઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.
- ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક:૦૧/૨૦૨૩-૨૪થી૧૦/૨૦૨૩-૨૪માં (જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૩-૨૪ સિવાય)પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેના ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે,પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઈટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ગુણના ૨૦૦પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.(સદરહુ જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૧૫% થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.)

➔

➔

- ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક: ૦૫/૨૦૨૩-૨૪માં પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણમાંથી મેળવેલ ગુણનાં ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલગુણના૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે,પ્રાથમિકકસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૨૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકાવેઈટેજ આપવામાં આવશે.સદરહુજાહેરાતોમાં ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં ૨૫% થી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં. જયારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવારો ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.
- બધીજ જાહેરાતો માટે પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.
- (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાનીરહેશે. (૨)કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની જરૂરીયાત જણાય તો https://gpsc-ojas.gujarat.gov.inના "Online Application"મેનુમાં "Edit"વિકલ્પમાં જઈને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાનાઆખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે.જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.(૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.
- ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC)માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH)માન્ય ગણાશે નહીં.આર્થિક રીતે નબળા વર્ગના (EWS)ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩અ થી નિયત થયા મુજબના (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટગ) જ રજૂ કરવું અને તે જ માન્ય ગણાશે.
- બિન-અનામત ઉમેદવારો અરજી ફી પોસ્ટ ઓફિસ ચલણ થી તારીખ ૦૧.૦૬.૨૦૨૩ સુધીમાં જે તે પોસ્ટ ઓફિસનાં કચેરી સમય સુધી ભરી શકશે અને ઓનલાઈન https://gpsc-ojas.gujarat.gov.inપર રાત્રિના ૧૧:૫૯ સુધી ભરી શકશે.
- ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તારીખ-૩૧-૦૫-૨૦૨૩નારાત્રિનાં ૧૧:૫૯ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે. માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Onlineઅરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirmકરવા જણાવવામાં આવે છે. તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલઅરજીપત્રક (Application Form)ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી લેવી અને તેમાં પોતાની તમામ વિગતો, ફોટો અને સહીની ચકાસણી કરી લેવી, જો કોઈ ભૂલ જણાય તો "Edit"વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી, સુધારા ફક્ત જાહેરાત ઓનલાઈન હોય ત્યાં સુધી થશે, તે પછી કોઈ સુધારા થઈ શકશે નહી.ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Onlineઅરજીપત્રક ભરી Confirmation Number મેળવી લેવોફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

●

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લાઈટ, એસ.ટી.પી., વો.ઓ.ઈ.એન્ડ એમ., દુધેશ્વર વોટર વર્ક્સ ખાતા માટે નીચે જણાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા:૨૩/૦૫/૨૦૨૩ના રોજ સાંજના ૦૫:૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ : એડીશનલ ચીફ એન્જિનિયર

જગ્યાની સંખ્યા : ૦૧ બિનઅનામત

લાયકાત : * કોઇ પણ માન્ય યુનિવર્સિટીનો બી.ઇ. ઇલેક્ટ્રીકલ અને/અથવા મીકેનીકલની ડીગ્રી.
* ઇલેક્ટ્રીકલ અને મીકેનીકલ કામોમાં ઓછામાં ઓછો પંદર વર્ષનો અનુભવ જે પૈકી સાત વર્ષનો અનુભવ મ્યુનિ. એન્જિનિયરીંગનો અથવા નામાંકીત સંસ્થાનો અનુભવ

પગારધોરણ : લેવલ - ૧૩ પે મેટ્રીક્સ રૂ. ૧૧૮૫૦૦-૨૧૪૧૦૦ (છઠ્ઠા પગારપંચ મુજબ ૩૭૪૦૦- ૬૭૦૦૦ ગ્રેડ પે ૮૭૦૦ પીબી-૪) બેઝીક * નિયમ મુજબ મળી શકતાં અન્ય ભથ્થાં.

વય મર્યાદા : ઉમર ૪૫ વર્ષથી વધુ નહીં સિવાય કે અ.મ્યુ.કો.માં ફરજ બજાવતા હોય.

**ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :**

૧. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા.૨૦/૦૯/૨૦૧૮ અનુસાર બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૧૧૨/- (અંકે રૂપિયા એકસો બાર પૂરા) ઓનલાઈન તા:૨૮/૦૫/૨૦૨૩ સુધીમાં ભરવાના રહેશે.

૨. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.

૪. કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી / અરજીઓ રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.

૫. ઉમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૬. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

**ઓનલાઇન અરજી ફી તથા તેની રસીદ અંગેની સૂચનાઓ :**

**● બિન અનામત વર્ગના ઉમેદવારો માટે :**

○ ઓનલાઈન અરજી કરતી વખતે ફક્ત બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) તમામ ઉમેદવારોએ અરજી ફી રૂ. ૧૧૨/- ભરવાની રહેશે.

○ સૌ પ્રથમ ઉમેદવારે www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ જે તે જગ્યા સામે દર્શાવેલ apply online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઇન અરજામાં દર્શાવેલ મોબાઈલ નંબર પર ૬૧/૬૬ આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.

➔

➔

- ત્યાર બાદ ઉમેદવારે સદર વેબસાઇટ પર જઈ PUBLIC INFORMATION ➔ Recruitment link ➔ Fees Payment માં જગ્યાનું નામ, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ ભરી ૬૫૦111 પર ક્લીક કરવાની રહેશે.
- Submit પર ક્લીક કર્યા બાદ ગેટ વે પસંદ કરી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંકીગ થી પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે.
- મોબાઈલ નંબરમાં પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યા બાદ ફરી Recruitment link ➔ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

**અનામત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગજન વર્ગના ઉમેદવારો માટે :**

- અનામત વર્ગ તથા દિવ્યાંજન વર્ગના ઉમેદવારોએ www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર ક્લીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજામાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- SMS મળેથી ફરી Recruitment link ➔ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

●

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર ખાતા માટે નીચે જણાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા:૨૩/૦૫/૨૦૨૩ના રોજ સાંજના ૦૫:૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાનું નામ : સીટી ઈજનેર** (WRM)

**જગ્યાની સંખ્યા : બિન અનામત - ૦૧**

(રોસ્ટર અભિપ્રાય મુજબ હાલમાં દિવ્યાંગ અનામતથી જગ્યા ભરવાની થતી નથી. પરંતુ દિવ્યાંગ ઉમેદવાર મેરીટમાં અગ્રસ્થાને આવે તો પસંદગી કરવાની રહેશે.)

લાયકાત :

૧. ચાર્ટર્ડ સિવિલ એન્જીનીયર અથવા ચાર્ટર્ડ એન્જીનીયર (હિન્દીમાં લેવાયેલ પરીક્ષા દ્વારા) અગર માન્ય થયેલ યુનિવર્સિટીના સિવિલ એન્જીનીયરીંગના ગ્રેજ્યુએટ.

૨. ઈજનેરી કામનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ હોવો જોઈએ. જે પૈકી જવાબદારી વાળી જગ્યા ઉપર મ્યુનિ.એન્જીનીયરીંગનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈશે.

૩. એન્જીનીયરીંગ વિષયની પરદેશની ડીગ્રી અને / અથવા ઈલેક્ટ્રીકલ બાબતનું અને મિકેનીકલ એન્જીનીયરીંગ બાબતનું જ્ઞાન તથા અનુભવ વધારાની લાયકાત ગણાશે.

**પગાર ધોરણ :** લેવલ -૧૩ પે મેટ્રીક્સ ૧૧૮૫૦૦-૨૧૪૧૦૦ ( છટ્ઠા પગારપંચ મુજબ ૩૭૪૦૦-૬૭૭૦૦ ગ્રેડ પે ૮૭૦૦ પીબી-૪) બેઝીક + નિયમ મુજબ મળી શકતાં અન્ય ભથ્થાં

**વયમર્યાદા :** ઉંમર ૪૫ વર્ષથી વધુ નહીં સિવાય કે અ.મ્યુ.કોર્પોમાં ફરજ બજાવતા હોય.

**ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :**

૧. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા.૨૦/૦૯/૨૦૧૮ અનુસાર બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૧૧૨/- (અંકે રૂપિયા એકસો બાર પૂરા) ઓનલાઈન તા:૨૮/૦૫/૨૦૨૩ સુધીમાં ભરવાના રહેશે.

૨. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઈન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.

૪. કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી / અરજીઓ રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.

૫. ઉમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

**ઓનલાઇન અરજી ફી તથા તેની રસીદ અંગેની સૂચનાઓ :**

**● બિન અનામત વર્ગના ઉમેદવારો માટે :**

- ઓનલાઈન અરજી કરતી વખતે ફક્ત બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) તમામ ઉમેદવારોએ અરજી ફી રૂ. ૧૧૨/- ભરવાની રહેશે.
- સૌ પ્રથમ ઉમેદવારે www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ જે તે જગ્યા સામે દર્શાવેલ apply online પર ક્લીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજામાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- ત્યાર બાદ ઉમેદવારે સદર વેબસાઇટ પર જઈ PUBLIC INFORMATION ➔ Recruitment link ➔ Fees Payment માં જગ્યાનું નામ, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ ભરી ૬૫૦111 પર ક્લીક કરવાની રહેશે.
- Submit પર ક્લીક કર્યા બાદ ગેટ વે પસંદ કરી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંકીગ થી પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે.
- મોબાઈલ નંબરમાં પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યા બાદ ફરી Recruitment link ➔ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

**અનામત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગજન વર્ગના ઉમેદવારો માટે :**

- અનામત વર્ગ તથા દિવ્યાંજન વર્ગના ઉમેદવારોએ www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર ક્લીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજામાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- SMS મળેથી ફરી Recruitment link ➔ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

●

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ / સો.વે.મે. ખાતા માટે નીચે જણાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા:૨૯/૦૫/૨૦૨૩ ના રોજ સાંજના ૦૫:૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | સહાયક સેનેટરી સબ ઈન્સ્પેકટર |
| જગ્યાની સંખ્યા | કુલ - ૫૨ ( બિન અનામત - ૩૭, ,આ.ન.વ - ૦૫, અનુ. જાતિ - ૧૦ )<br>• **કુલ જગ્યા પૈકી ભરવાની થતી દિવ્યાંગ અનામતની ૦૭ જગ્યા જે તે કેટેગરીમાં સમાવવામાં આવશે.** |
| લાયકાત | સરકાર માન્ય સંસ્થામાંથી સેનેટરી ઈન્સ્પેકટરની પરીક્ષા પાસ થયેલો હોવો જોઈએ. |
| પગારધોરણ | હાલ ફીક્સ વેતન રૂ. ૧૯૯૫૦/- ત્રણ વર્ષ સુધી ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ લેવલ – ૪, પે મેટ્રીક્સ રૂ. ૨૫૫૦૦/૮૧૧૦૦ + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| વયમર્યાદા | ૩૦ વર્ષથી વધુ નહી સિવાય કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજ બજાવતા હોય. |

**-: ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-**

૧. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા.૨૦/૦૯/૨૦૧૮ અનુસાર બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૧૧૨/- (અંકે રૂપિયા એકસો બાર પૂરા) ઓનલાઈન તા:.૦૪/૦૬/૨૦૨૩ સુધીમાં ભરવાના રહેશે.

૨. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.

૪. કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી / અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.

૫. ઉંમર અને લાયકાત ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૬. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૭. અ.મ્યુ.કો.માં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેક્શનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.

૮. મૂળ ગુજરાતના હોય તેવા અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.

૯. રોસ્ટર અભિપ્રાય મુજબ જણાવેલ અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ. જાતિ, અનુ જનજતિ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/આ.ન.વ.) ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સદર પ્રમાણપત્ર ક્રમાંક અને તારીખ ઓનલાઈન અરજીમાં અવશ્યપણે દર્શાવવાના રહેશે.

૧૦. રોસ્ટર અભિપ્રાય મુજબ જણાવેલ અનામત જાતિના ઉમેદવારે મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS//આ.ન.વ.)ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૧૧. નિયમાનુસાર મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૧૨. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.

૧૩. દિવ્યાંગજન ઉમેદવારો માટે:

- દિવ્યાંગજન ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી (જનરલ, આ.ન.વ., અનુ.જાતિ, અનુ.જનજાતિ) ના ઉમેદવારો સામે સરભર કરવામાં આવશે.
- ઉમેદવાર ૪૦% કે તેથી વધુ શારીરીક અશક્તતા (દિવ્યાંગ) ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ રજુ કરેલ હશે તો જ તેવા ઉમેદવારને દિવ્યાંગજન ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદામાં અને અનામતનો લાભ મળવાપાત્ર થશે
- નિયમાનુસાર દિવ્યાંગજન ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં દસ(૧૦) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૧૪. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે:

- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાક : ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯ /૪૫૯૦૩/અ તા.૧૩/૦૯/૨૦૧૯ અને ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯ /૪૫૯૦૩/અ તા:૨૬/૦૬/૨૦૨૦ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના સર્ટીફીકેટ ઈસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ ઇસ્યુ થયેલા આર્થિક રીતે નબળા વર્ગો (EWS) પ્રમાણપત્રની વધારેલ અવધીનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમુનામાં આપવાની રહેશે.

૧૫. રોસ્ટર અભિપ્રાય મુજબ દરેક કેટેગરીના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા મળવાપાત્ર તમામ પ્રકારની છુટછાટ સાથે કોઇપણ સંજોગોમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહી, સિવાય કે અ.મ્યુ.કો.ની નોકરીમાં હોય.

૧૬. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧૭. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૧૮. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે.

૧૯. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨૦. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૧. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૨૨. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૨૩. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૨૪. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૨૫. સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રક્રીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.

૨૬. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા / લેખિત પરીક્ષા / ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત / ઓનલાઇન પરીક્ષા ખ્યાતનામ સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં / જુદા જુદા પ્રશ્નપત્રો અંતર્ગત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.

## -: ઓનલાઇન અરજી ફી તથા તેની રસીદ અંગેની સૂચનાઓ :-

### ❖ બિન અનામત વર્ગના ઉમેદવારો માટે :

- ઓનલાઈન અરજી કરતી વખતે ફક્ત બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) તમામ ઉમેદવારોએ અરજી ફી રૂ. ૧૧૨/- ભરવાની રહેશે.
- સૌ પ્રથમ ઉમેદવારે www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- ત્યાર બાદ ઉમેદવારે સદર વેબસાઇટ પર જઈ PUBLIC INFORMATION ➡ Recruitment link ➡ Fees Payment માં જગ્યાનું નામ, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ ભરી Submit પર ક્લીક કરવાની રહેશે.
- Submit પર ક્લીક કર્યા બાદ ગેટ વે પસંદ કરી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંકીગ થી પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે.
- મોબાઈલ નંબરમાં પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યા બાદ ફરી Recruitment link ➡ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

### ❖ અનામત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગજન વર્ગના ઉમેદવારો માટે :

- અનામત વર્ગના ઉમેદવારોએ www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- SMS મળેથી ફરી Recruitment link ➡ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.

# પ્રથમ ગુજરાતી રમૂજી બોલતી ફિલ્મ કઈ છે?

**૧. હાલમાં ૧૨-૧૩ મે ૨૦૨૩ ના રોજ છઠ્ઠું હિંદ મહાસાગર સંમેલન ક્યાં યોજવામાં આવ્યું ?**
(અ) ગુજરાત (બ) બાંગ્લાદેશ
(ક) બેંગલૂરૂ (ડ) કેરલ

**૨. ૪૨ મું ASEAN શિખર સંમેલન ક્યાં યોજવામાં આવ્યું ?**
(અ) સિંગાપુર (બ) મલેશિયા
(ક) ભારત (ડ) ઈન્ડોનેશિયા

**૩. ભારત અને ઓસ્ટ્રેલિયાની '૭૫ વર્ષની ક્રિકેટ દ્વારા મૈત્રી'ની ભવ્ય ઉજવણી ક્યાં કરવામાં આવી ?**
(અ) નવી દિલ્લી (બ) અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ
(ક) બેંગલૂરૂ (ડ) ઉપરમાંથી એકપણ નહીં

**૪. સાઈબાઈથી જન્મેલા શિવાજીના પુત્રનું નામ નીચેમાંથી કયું છે?**
(અ) શાહુજી (બ) સંભાજી
(ક) યોગીનંદન (ડ) ઉપરમાંથી એકપણ નહીં

**૫. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) એ કોના સન્માન માટે ૨૩ જૂન ૨૦૨૩થી AIFF ગ્રાસ રૂટ ડે તરીકે જાહેર કર્યો છે?**
(અ) પ્રદીપ કુમાર બેનર્જી (બ)બાયચૂન ભૂટિયા
(ક)સુનિલ છેત્રી (ડ) કલ્યાણ ચૌબે

**૬. ONGC એ મુંબઈમાં બે બ્લોકમાં ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની શોધ કરી છે. જેને 'અમૃત' અને '........' નામ આપવામાં આવ્યું .**
(અ) મૂંગા (બ) અમૃત
(ક) યોગા (ડ) ઉપરમાંથી એકપણ નહીં

**૭. રાજ્ય વિધાનસભાની ચૂંટણીની તારીખ નક્કી કરવાની સત્તા કોની છે?**
(અ) વિકાસ કમિશનર (બ) જિલ્લા પંચાયત
(ક) ભારતનું ચૂંટણીપંચ (ડ) રાજ્ય સરકાર

**૮. દિલ્લીનું પ્રાચીન નામ જણાવો.**
(અ) ઈન્દ્રપ્રસ્થ (બ) દર્ભવતી
(ક) દોલતાબાદ (ડ) દુરસ્તનગરી

**૯. 'અમાસના તારા' કૃતિના કર્તા જણાવો.**
(અ) અમૃતલાલ ભટ્ટ (બ) યશવંત મહેતા
(ક) દલપતરામ (ડ) કિશનસિંહ ચાવડા

**૧૦. નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે?**
(અ)કાળી જમીન દખ્ખણના લાવા પથરાવાથી બેસાલ્ટ ખડકોમાંથી બને છે.
(બ) આ જમીનનો કાળો રંગ ટીટેનીફેરસ, મેગ્નેટાઈટ અને હ્યુમસને જવાબદાર છે.
(ક) આ જમીનને રેગુરની જમીન કહે છે.
(ડ) ઉપરોક્ત તમામ

**૧૧. વસ્તુપાળનું જીવનચરિત્ર કોણે લખ્યું હતું ?**
(અ) હેમચંદ્રાચાર્ય (બ) મેરૂતુંગ
(ક) વલ્લભાચાર્ય (ડ) (અ) અને (બ) બંન્ને

**૧૨. નીચેનામાંથી કયો પાક કાળી જમીનમાં વધુ સારો થાય છે?**
(અ) કપાસ (બ) મગફળી
(ક) અડદ (ડ) ઉપરોક્ત તમામ

**૧૩. શેરડી, ચોખા, ઘઉં અને મકાઈ માટે કયા પ્રકારની જમીન વધુ યોગ્ય છે?**
(અ) કાંપની જમીન (બ) કાળી જમીન
(ક) લેટેરાઈટ જમીન (ડ) રાતી જમીન

**૧૪. કાજુ અને ચા જેવા બાગાયતી પાકો માટે કેવા પ્રકારની જમીન યોગ્ય છે?**
(અ) પડખાઉ જમીન (બ) લાલ જમીન
(ક) કાળી જમીન (ડ) કાંપની જમીન

**૧૫. બ્લડ પ્રેશર માપવાના સાધનને શું કહેવાય?**
(અ) સ્ફિગ્મોમેનોમીટર (બ) સ્ટેથોસ્કોપ
(ક) ફેધોમીટર (ડ) વ્હીસ્કોમીટર

**૧૬. તળપદા શબ્દોની નીચેનામાંથી કઈ જોડ અયોગ્ય છે?**
(અ) દોકડો-દેડકો (બ) વિણ-વિના
(ક)ખાજ- ખોરાક (ડ) વાવડ- ખબર

**૧૭. IMF (ઈન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ) નું વડુંમથક ક્યાં આવેલું છે?**
(અ) પેરિસ (બ) ન્યૂયોર્ક
(ક) વોશિંગ્ટન ડી.સી (ડ) નેપાળ

**૧૮. પ્લાસીનું મૂળ નામ નીચેનામાંથી શું હતું?**
(અ) પેરિસ (બ) પલાશ
(ક) પ્લાસ (ડ) એકપણ નહીં

**૧૯. બાંધવગઢ ટાઈગર રીઝર્વ કયા રાજ્યમાં આવેલું છે?**
(અ) રાજસ્થાન (બ) મહારાષ્ટ્ર
(ક) મધ્યપ્રદેશ (ડ) પશ્ચિમ બંગાળ

**૨૦. ટાઈગર સ્ટેટ ઓફ ઈન્ડિયા તરીકે કયું રાજ્ય ઓળખાય છે?**
(અ) મહારાષ્ટ્ર (બ) ગુજરાત
(ક) પશ્ચિમ બંગાળ (ડ) મધ્યપ્રદેશ

**૨૧. રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ ક્યારે મનાવવામાં આવે છે?**
(અ) ૧૦ મે (બ) ૧૨ મે
(ક) ૧૧ મે (ડ) ૧૧ એપ્રિલ

**૨૨. બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં કોણે આપ્યો હતો?**
(અ) ફ્રેન્ચોએ (બ) પોર્ટુગીઝોએ
(ક) મુઘલોએ (ડ) મરાઠાઓએ

જનરલ નોલેજ ક્વીઝ કોર્નર
- ધવલ શાહ
Email : dhavaleditor@gmail.com

**૨૩. ફોર્ટ વિલિયમ કિલ્લો પાછળથી કયા શહેર તરીકે વિકાસ પામ્યો હતો?**
(અ) દિલ્લી (બ) ચેન્નાઈ
(ક) મુંબઈ (ડ) કોલકત્તા

**૨૪. (બી-રેડી) બિઝનેસ રેડી પ્રોજેક્ટ કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો છે?**
(અ) વિશ્વબેંક (બ) IMF
(ક) WHO (ડ) યુનિસેફ

**૨૫. આદર્શ કોલોની પહેલ કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવી ?**
(અ) રાજસ્થાન (બ) ઓડિશા
(ક) ગુજરાત (ડ) મેઘાલય

**૨૬. ધાતુગાળણ ઉદ્યોગમાં કયા ખનીજનો ઉપયોગ થાય છે?**
(અ) ફ્લોરોસ્પાર (બ) બોક્સાઈટ
